# વિશ્વ પ્રવાસન અંગે સમીક્ષા

ડૉ. શક્તિસિંહ પી. સોલંકી

**સારાંશ:**
વિશ્વમાં અનેકવિધ વિવિધતાસભર ભૌગોલિક સ્થિતિ વિશાળ દરિયાકાંઠો, રણ, જંગલો, પહાડી વિસ્તારો, ધાર્મિક સ્થળો, ઔદ્યોગિક વિકાસ, ઐતિહાસિક અને પુરાતત્વિય સ્થળો, વિવિધતાસભર સાંસ્કૃતિક અને સામાજિક પરંપરાઓ વગેરેને લીધે અનેક પ્રકારની પ્રવાસન પ્રવૃતિઓના વિકાસની વ્યાપક સંભાવનાઓ ધરાવે છે ત્યારે વિશ્વમાં પ્રવાસન સંદર્ભે વાસ્તવિક સ્થિતિ શું છે તેની જાણકારી મેળવવી જરૂરી છે. પ્રવાસન સ્થળો માત્ર પ્રવાસન સ્થળ નથી કારણ કે અપૂરતો વિકાસ આંતર માળખાકીય સુવિધાનો અભાવ, સ્થળવિશે જાણકારીનો અભાવ,જાળવણીનો અભાવ બેકારી જેવી સમસ્યાઓ, વિશેષતાઓ ઉજાગર કરી શકાય જે વર્ષ ૨૦૧૧-૨૧માં પ્રવાસનના હેતુઓ, પ્રવાસનના પરિવહન, વિશ્વ કક્ષાએ પ્રવાસીઓની સંખ્યા, પ્રવાસનક્ષેત્રે વિશ્વના અગ્રણી દેશોની આવક, પ્રવાસન ખર્ચ, G.D.P. અને રોજગારી સંદર્ભિત સ્થિતિ, પ્રવાસનક્ષેત્રે મૂડીરોકાણ, વગેરે વિશ્વ કક્ષાએ પ્રવાસ વિકાસ અંગે વર્તમાન અભ્યાસમાં સંશોધકે સંશોધનના કાર્યક્ષેત્ર વિશે મૂળભૂત માહિતી મેળવવા માટે અભ્યાસ સંદર્ભિત દ્વિતીય માહિતી એ આંતરરાષ્ટ્રીય, રાષ્ટ્રીય અને રાજ્યકક્ષાના પ્રવાસન સંદર્ભિત અહેવાલો જેવા કે વર્લ્ડ ટુરિઝમ અને ટ્રાવેલ કાઉન્સિલના પ્રવાસનની અસરો અંગેના વિવિધ વર્ષોના અહેવાલો, UNWTOની પ્રવાસન સંદર્ભિત વિવિધ વર્ષોની માહિતી આપતા અહેવાલો અને અભ્યાસો, કેન્દ્ર અને રાજ્ય સરકારના પ્રવાસન વિભાગના વિવિધ અહેવાલો અને અભ્યાસો તથા આંકડાકીય માહિતીને આધારે મેળવવામાં આવ્યા છે. પ્રતિષ્ઠિત સામયિકો અને દૈનિક પત્રોમાં આવેલ લેખો દ્વારા તથા આ સંદર્ભિત થયેલ કોન્ફરન્સો કે સેમિનારોમાં પ્રકાશિત થયેલ સાહિત્ય તેમજ વિષય સંદર્ભિત પુસ્તકોમાંથી પણ જરૂરી દ્વિતીય માહિતી મેળવવામાં આવેલ છે.

અભ્યાસ અંતર્ગત મેળવેલ પ્રાથમિક અને દ્વિતીય માહિતીનું જરૂરિયાત મુજબ સરેરાશ, ટકાવારી, વગેરે જેવી આંકડાકીય પદ્ધતિઓનો ઉપયોગ કરી વિશ્લેષણ કરવામાં આવેલ છે તથા ટેબલો તેમજ વિવિધ પ્રકારના ચાર્ટ બનાવવામા આવેલ છે. જેના આધારે પ્રવાસન સંદર્ભિત સમસ્યાઓની જાણકારી પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરેલ છે તથા તારણો તારવી આર્થિકનીતિ સૂચવવામાં આવેલ છે.

---

**કિ-વર્ડ્સ :** પ્રવાસન,વિશ્લેષણ,ગુણોત્તર

---

## ૧. પ્રસ્તાવના


પ્રવાસન એ વિશ્વ અને ભારત કક્ષાએ સામાજિક વિકાસની દ્રષ્ટિએ વિશેષ મહત્વ ધરાવે છે. તે રોજગારી સર્જન હુંડિયામણ કમાણી આંતરમાળખાકીય વિકાસ અને વિવિધક્ષેત્રે માંગ સર્જન દ્વારા ગરીબી, અસમાનતા અને કુપોષણની નાબુદી સ્ત્રી સશક્તિ કરણ, આરોગ્ય સેવાઓની ઔદ્યોગિક વિકાસ વગેરેમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે મદદરૂપ બની શકે છે. આ બાબતને ધ્યાનમાં લઈ વિશ્વ અને ભારત કક્ષાએ પ્રવાસનની સ્થિતિ કેવી છે તેને પ્રસ્તુત પ્રકરણમાં પ્રવાસી વૃદ્ધિદર પ્રવાસનના હેતુ પ્રવાસન માર્ગો પ્રવાસન આવક વિશ્વ અને દેશોની G.D.P.માં હિસ્સો પ્રવાસનના રોજગારી અને નિકાસમાં ભૂમિકા પ્રવાસન નીતિઓ સમજાવવા પ્રયાસ કરાયો છે.

## ૨. હેતુઓ

વિશ્વમાં પ્રવાસન સંદર્ભિત સ્થિતિ અને તેની અસરોની સમગ્રલક્ષી જાણકારી મેળવવીને પ્રવાસન અંગે સમીક્ષા કરવી.
વિશ્વ કક્ષાએ પ્રવાસન અંગેનું વિશ્લેષણ કરવું.

### ૩. વિશ્વ કક્ષાએ પ્રવાસનના હેતુઓ

**આલેખ નં.1**





*Source: World Tourism Organization (UNWTO), 2019*

આંતરરાષ્ટ્રીય પ્રવાસન એ અનેકવિધ હેતુસર થયું હોય છે. આ સંદર્ભમાં પ્રવાસનના હેતુઓ ક્યાં છે તે જાણી શકાય તો જે તે દેશ, પ્રદેશ કે વિશ્વમાં ક્યાં પ્રકારની પ્રવાસન સેવાઓની માંગ છે. ક્યાં પ્રકારનું પ્રવાસના વિકસી રહ્યું છે, પ્રવાસનનો કયો પ્રકાર પ્રવાસનક્ષેત્રે પ્રભુત્વ ધરાવે છે. વગેરે જેવા મુદ્દાઓની જાણકારી મળી રહે છે. જેનાથી પ્રવાસન ભાવિનતીના ઘડતરમાં મદદ મળે છે. આ અંતર્ગત આલેખ નં.1 ને જોઈએ તો પ્રવાસનનો હેતુ આનંદ-પ્રમોદ અને નવરાશની પળો માણવાનો છે. આ સંજોગોમાં વૈશ્વિક પ્રવાસીઓને આકર્ષવા જેતે પ્રદેશમાં આરામ દાયક સગવડો અને મનોરંજન સેવાઓ હોય એ અનિવાર્ય જણાય છે. વળી; ધાર્મિક સ્થળોએ સુવિધાઓ, આરોગ્યલક્ષી સેવાઓમાં વધારો અને બિનનિવાસી દેશીઓને સારી સગવડો એ પણ પ્રવાસન વિકાસને વેગ આપી શકે તે સ્પષ્ટ થાય છે.

### ૪. વિશ્વ કક્ષાએ આંતરરાષ્ટ્રીય પ્રવાસનના પરિવહન

**આલેખ નં. 2**




*Source: World Tourism Organization (UNWTO), 2019*

પ્રવાસનના વિકાસ સાથે પરિવહનક્ષેત્રે સંકળાયેલું છે. પ્રવાસન એ હવાઈમાર્ગ, રસ્તાઓ, રેલ્વે કે જળમાર્ગે થતું હોય છે. આ સંદર્ભે પ્રવાસન કયા કયા માર્ગે થાય છે તેની જાણકારી દ્વારા પ્રવાસનક્ષેત્રે પરિવહનના કયા ક્ષેત્રને કેટલા પ્રમાણમાં પ્રભાવિત કરી રહ્યું છે. તેની જાણકારી મળી રહે છે. આ અંતર્ગત આલેખ નં.2ને જોતા જણાય છે કે વર્ષ 2018માં વિશ્વમાં થતા કુલ પ્રવાસન પૈકી 57 ટકા હવાઈમાર્ગે, 37 ટકા રોડ-રસ્તાઓ દ્વારા, 4 ટકા માર્ગે અને 2 ટકા રેલ્વે માર્ગ દ્વારા થતું હતું. આંતરરાષ્ટ્રીય પ્રવાસન સંદર્ભે હવાઈમાર્ગે અને રસ્તાઓનું પ્રભુત્વ છે. એરલાઈન્સ ઉદ્યોગ અને ટ્રાવેલ્સ ઉદ્યોગને પ્રવાસનક્ષેત્ર મોટાપાયે પ્રભાવિત કરી શકે એમ છે. આ સંજોગોમાં આ ક્ષેત્રોનો વિકાસ એ પ્રવાસીઓને આકર્ષવામાં મહત્વની ભૂમિકા ભજવી શકે એમ છે તેમ કહી શકાય.

### ૫. પ્રવાસન ક્ષેત્રે વિશ્વના અગ્રણી દેશોની આવક

**ટેબલ 1: પ્રવાસન ક્ષેત્રે વિશ્વના અગ્રણી દેશોની આવક(વર્ષ 2020)**

| ક્રમ | દેશો | હિસ્સો (ટકામાં) |
|---|---|---|
| 1 | યુ.એસ. | 14.20 |
| 2 | ફ્રાંસ | 6.12 |
| 3 | ઓસ્ટ્રેલિયા | 4.81 |
| 4 | જર્મની | 4.12 |
| 5 | ઈટાલી | 3.69 |
| 6 | યુ.કે. | 3.53 |
| 7 | સ્પેન | 3.45 |
| 8 | થાઈલેન્ડ | 2.65 |
| 9 | ચાઈના | 2.65 |
| 10 | ઓસ્ટ્રિયા | 2.61 |
| ટોચના 10 દેશો કુલ | | 47.93 |
| ભારત | | 1.30 |
| અન્ય | | 50.77 |
| કુલ | | 100.00 |

*Source: Indian Tourism Statistics at Glance 2021, P.17*

પ્રવાસન દ્વારા પ્રાપ્ત આવકએ દેશમાં પ્રવાસન સંદર્ભે કેવી સેવાઓ તથા પર્યાવરણ ઉપલબ્ધ છે. તેનો નિર્દેશ કરવા સાથે જુદા જુદા દેશોનો પ્રવાસન સંદર્ભે તુલનાત્મક વિકાસ કે દેખાય કેવો છે. તેની જાણકારી આપે છે. આ સંદર્ભે ટેબલ નં.1ને જોતા જણાય છે કે વર્ષ 2020માં વિશ્વની કુલ પ્રવાસન આવકના 100 હિસ્સામાંથી ટોચના 10 દેશો પ્રાપ્ત કરતા પ્રવાસન આવકની દ્રષ્ટિએ થોડાક દેશોનું વિશ્વકક્ષાએ પ્રભુત્વ છે. અહીં આ બાબત ટકાવારીની રીતે જોઈએ તો વિશ્વના કુલ પ્રવાસનમાં 14.20 હિસ્સો ધરાવવા સાથે યુ.એસ.એ. અમેરિકા પ્રથમ સ્થાને છે જ્યારે ચાઈના 2.65 અને ઓસ્ટ્રિયા 3.09 સાથે અનુક્રમે નવમાં અને દસમાં ક્રમે છે. અહીં નોંધવું જોઈએ કે પ્રવાસન આવકની દ્રષ્ટિએ અગ્રણી દેશોમાંના મોટાભાગના પ્રવાસી પ્રમાણ દ્રષ્ટિએ પણ ટોચના સ્થાને છે. અર્થાત પ્રવાસીઓના પ્રમાણ અને પ્રવાસનની આવક વચ્ચે નજીકનો સહસંબંધ સ્પષ્ટ થાય છે. પ્રવાસન આવકનો ભારતની દ્રષ્ટિએ વિચાર કરીએ તો ભૌગોલિક અને સાંસ્કૃતિક વિવિધતા હોવા છતા વિશ્વની કુલ પ્રવાસન આવકનો 1.30 હિસ્સો ધરાવતા સાથે તે 14માં ક્રમે છે.

### ૬. વિશ્વના દેશોમાં વિદેશી પ્રવાસીઓ

**ટેબલ ૨: વિશ્વના દેશોમાં વિદેશી પ્રવાસીઓની સંખ્યા**

| ક્રમ | દેશો | હિસ્સો (ટકામાં) | |
|---|---|---|---|
| | | 2018 | 2019 |
| 1 | ફ્રાંસ | 6.33 | NA |
| 2 | સ્પેન | 5.86 | 5.70 |
| 3 | યુ.એસ. | 5.64 | 5.42 |
| 4 | ચાઈના | 4.45 | 4.8 |
| 5 | ઈટલી | 4.36 | 4.40 |
| 6 | તુર્કી | 3.24 | 3.49 |

| | | | |
|---|---|---|---|
| 7 | મેક્સિકો | 2.92 | 3.07 |
| 8 | થાઈલેન્ડ | 2.70 | 2.72 |
| 9 | જર્મની | 2.75 | 2.70 |
| 10 | યુનાઈટેડ કિંગડમ | 2.74 | 2.69 |
| | અન્ય દેશો | 60.23 | 66.56 |
| | વિશ્વ, કુલ | 100.00 | 100.00 |

*Source: Indian Tourism Statistics at Glance 2021 P. 8*

વૈશ્વિક કે આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓ પ્રવાસન માટે કયા દેશને વિશેષ પસંદ કરે છે ? પ્રવાસન ઉદ્યોગ કયા દેશોમાં વધુ વિકસ્યો છે ? કયા ઓછો વિકસ્યો છે ? વગેરેની જાણકારી જેતે દેશને પ્રવાસન માર્ગદર્શક બને છે. ટેબલ નં.2ને જોતા માલુમ પડે છે કે. 2018ની તુલનાએ 2019માં સ્પેન, ચાઈના, જર્મની, ભારતમાં હિસ્સો ટકાવારીમાં ઘટાડો જોવા મળે છે. તેમજ ઈટલી, તુર્કી, મેક્સિકો, થાઈલેન્ડ જેવા દેશોમાં વધારો જોવા મળ્યો છે. અર્થાત વિશ્વમાં પ્રવાસનક્ષેત્રે આ દેશોનું પ્રભુત્વ છે. પણ 10 પૈકી 7 એ વિકસિત દેશો છે એટલે કે પ્રવાસીઓને આકર્ષવાની દ્રષ્ટિએ વિકસિત દેશોનું અને એમાં પણ યુરોપનું પ્રભુત્વ છે. અહીં પ્રથમ ક્રમાંકે ફ્રાંસ છે જેની વસ્તી કરતા પણ વધુ એટલે કે 8.3કરોડ પ્રવાસીઓને આવકારે છે. જ્યારે 10માં યુનાઈટેડ કિંગડમ છે.

## ૭. વિશ્વના સર્વોચ્ચ દેશોના G.D.P.માં પર્યટન ક્ષેત્રે ફાળો

**ટેબલ નં. 3 વિશ્વના સર્વોચ્ચ દેશોના G.D.P.માં પર્યટન ક્ષેત્રે ફાળો**


| ક્રમ | દેશ | 2018(કરોડ) | 2019(કરોડ) | 2020(કરોડ) |
|---|---|---|---|---|
| 1 | અમેરિકા | 10209.60 | 1,28,841.02 | 81,817.28 |
| 2 | ચીન | 9659.10 | 1,14,776.49 | 49,459.53 |
| ૩ | જાપાન | 2355.57 | 27,088.52 | 17,413.13 |
| 4 | જર્મની | 2208.34 | 25,703.43 | 15,478.34 |
| 5 | ઈટલી | 1990.71 | 21,017.55 | 9799.98 |
| 6 | ફ્રાન્સ | 1760.28 | 18,591.91 | 9,132.81 |
| 7 | ભારત | 1702.67 | 16,572.85 | 9,036.44 |
| 8 | યુનાઈટેડ કિંગડમ | 1581.04 | 13,926.71 | 8,524.95 |
| 9 | મેક્સિકો | 1350.61 | 13,182.48 | 6,760.65 |
| 10 | ઓસ્ટ્રેલિયા | 1337.80 | 12,100.59 | 6,034.18 |

*Source: World Travel & Tourism Economic Impact – India Report 2021, P-22*

ટેબલ 3ને જોતા જણાય છે કે 2020માં કોરોનાની અસર પ્રવાસન ઉદ્યોગ પર રહી છે. જે થી 2019ની સરખામણીએ 2020માં પ્રવાસન ફાળો ઘટેલો માલુમ પડે છે. ફક્ત અમેરિકાની વાત કરીએ તો 2018માં ફાળો રૂ. 10209.60 કરોડ થી વધીને 2019માં રૂ. 128841.02 કરોડ થયો જે વૃધ્ધિ દર્શાવે છે સામે 2019ની સરખામણીએ 2020માં ફાળો ઘટીને રૂ. 81817.28 કરોડ થયો છે. આ જ પ્રકારની ઘટના દરેક દેશ સાથે જોવા મળે છે. ભારતની વાત કરીએ તો ભારતનો ક્રમ સાતમો રહ્યો છે. ભારતમાં પણ 2018માં ફાળો રૂ. 1702.67 કરોડ થી વધીને 2019માં રૂ. 16572.85 કરોડ થયો જે વૃધ્ધિ દર્શાવે છે સામે 2019ની સરખામણીએ 2020માં ફાળો ઘટીને રૂ. 9036.44 કરોડ થયો છે.

### ૮. વિશ્વકક્ષાએ પ્રવાસનમાં ધંધાકીય ફાળો

**આલેખ નં. 3**





*Source:https://knoema.com/WTTC2019/world-travel-and-tourism-council-data,Retrieved: 03Aug 2021*

વિશ્વકક્ષાએ પ્રવાસનમાં ધંધાકીય યોગદાન આલેખ નં.3ને જોતા જણાય છે કે વર્ષ 2011માં રૂ.4568598 કરોડ થી વધીને 2021 સુધીમાં રૂ.10716692 થયું છે. અહી વર્ષ 2015ને બાદ કરતા દરેક વર્ષ ધંધાકીય યોગદાન સતત વધતો જોવા મળે છે. વૃધ્ધિદર જે તે અગાઉના વર્ષને ધ્યાને લેતા તૈયાર કરેલ છે તે અનુક્રમે વધઘટ થતો જોવા મળે છે. જ્યારે વર્ષ 2017નો વૃધ્ધિ દર 4.23 થયો જે સૌથી વધુ વૃધ્ધિ દર્શાવે છે. એકંદરે વર્ષ 2011ની સરખામણીએ 2021માં વધતો માલુમ પડે છે.

### ૯. વિશ્વકક્ષાએ રોજગારીમાં પ્રવાસનનો પ્રત્યક્ષ ફાળો

**આલેખ નં. 4**





*Source: https://knoema.com/WTTC2019/world-travel-and-tourism-council-data, Retrieved: 03 Aug 2021*

વિશ્વકક્ષા એ રોજગારીમાં પ્રવાસનો G.D.P.માં પ્રત્યક્ષ સીધો પર્યટન યોગદાન આલેખ નં.4ને જોતા જણાય છે કે G.D.P.માં પ્રત્યક્ષ રીતે ફાળો વર્ષ 2011, 2012, 2013, 2014, 2015, 2016, 2017, 2018, 2019, 2020 અને 2021માં અનુક્રમે 1.85, 1.90, 1.49, 2.10, 2.68, 1.77, 1.95, 2.73, 2.20, 2.22, અને 2.04 ટકા વધારો-ઘટાડો થયો હતો. આમ પ્રત્યક્ષ G.D.P.માં દસ વર્ષના સમયગાળામાં વધારો- ઘટાડા જોવા મળે છે. એકંદરે વર્ષ 2011ની સરખામણીએ 2021માં વૃધ્ધિ જોવા મળે છે.


**૧૦. વિશ્વકક્ષાએ સ્થાનિક પ્રવાસનનો ફાળો**

**આલેખ નં. 5**




*Source: https://knoema.com/WTTC2019/world-travel-and-tourism-council-data, Retrieved: 03 Aug 2021*

**આલેખ નં. 6**





*Source:https://knoema.com/WTTC2019/world-travel-and-tourism-council-data, Retrieved: 03 Aug 2021*

વિશ્વકક્ષા એ સ્થાનિક પ્રવાસનનું યોગાદન આલેખ નં.5,6માં જોતા જણાય છે કે વર્ષ 2011માં રૂ.14780595 કરોડથી વધીને 2021 સુધીમાં રૂ.36397316 કરોડ થયું છે. અહી GDPમાં ફાળો સતત વધતો જોવા મળે છે. વૃધ્ધિદર જે તે અગાઉના વર્ષને ધ્યાને લેતા તૈયાર કરેલ છે તે અનુક્રમે વધઘટ થતો જોવા મળે છે. એકંદરે વર્ષ 2011ની સરખામણીએ 2021માં GDPમાં સ્થાનિક પ્રવાસન ફાળો વધતો જોવા મળે છે.


### ૧૧. પ્રવાસનક્ષેત્ર સરકારનો ફાળો

**આલેખ નં .7**




*Source: https://knoema.com/WTTC2019/world-travel-and-tourism-council-data, Retrieved: 03 Aug 2021*

**આલેખ નં.8**





*Source: https://knoema.com/WTTC2019/world-travel-and-tourism-council-data, Retrieved: 03 Aug 2021*

વિશ્વકક્ષા એ પ્રવાસનક્ષેત્ર સરકારનું યોગાદન આલેખ નં.7,8ને જોતા જણાય છે કે વર્ષ 2011માં રૂ.323487 કરોડ થી વધીને 2021 સુધીમાં રૂ.715390 કરોડ થયું છે. અહી GDPમાં ફાળો સતત વધતો જોવા મળે છે. વૃધ્ધિદર જે તે અગાઉના વર્ષને ધ્યાને લેતા તૈયાર કરેલ છે તે અનુક્રમે વધઘટ થતો જોવા મળે છે. એકંદરે વર્ષ 2011ની સરખામણીએ 2021માં GDPમાં સ્થાનિક પ્રવાસન ફાળો વધતો જોવા મળે છે.

### ૧૨. આંતરિક પ્રવાસન અને પર્યટનનો ફાળો

**આલેખ નં. 9**



*Source: https://knoema.com/WTTC2019/world-travel-and-tourism-council-data, Retrieved: 03 Aug 2021*

વિશ્વકક્ષા એ આંતરિક પ્રવાસન અને પર્યટનનું યોગદાન આલેખ નં.9ને જોતા જણાય છે કે વર્ષ 2011માં રૂ.20240751 કરોડ થી વધીને 2021 સુધીમાં રૂ.51244224 કરોડ થયું છે. અહી વર્ષ 2015ને બાદ કરતા દરેક વર્ષ ધંધાકીય યોગદાન સતત વધતો જોવા મળે છે. વૃધ્ધિદર જે તે અગાઉના વર્ષને ધ્યાને લેતા તૈયાર કરેલ છે તે અનુક્રમે વધઘટ થતો જોવા મળે છે. જયારે વર્ષ 2017નો વૃધ્ધિ દર 4.96 થયો જે સૌથી વધુ વૃધ્ધિ દર્શાવે છે. એકંદરે વર્ષ 2011ની સરખામણીએ 2021માં વધતો માલુમ પડે છે.

## ૧૩. પ્રવાસનક્ષેત્રે મૂડીરોકાણ

ટેબલ 4: પ્રવાસનક્ષેત્રે મૂડીરોકાણ (2011-2021)

| વર્ષ | રૂ. કરોડમાં | વૃધ્ધિદર (ટકામાં) | GDP માં ફાળો(ટકામાં) |
|---|---|---|---|
| 2011 | 3272518 | 2.44 | 4.20 |
| 2012 | 3848438 | 3.88 | 4.14 |
| 2013 | 4240207 | 2.42 | 4.12 |
| 2014 | 4872062 | 4.55 | 4.15 |
| 2015 | 4927481 | 5.09 | 4.25 |
| 2016 | 5343612 | 3.19 | 4.30 |
| 2017 | 5706437 | 6.41 | 4.41 |
| 2018 | 6126506 | 3.97 | 4.38 |
| 2019 | 6900048 | 4.41 | 4.44 |
| 2020 | 8196733 | 4.31 | 4.46 |
| 2021 | 8611211 | 4.06 | 4.50 |

*Source: https://knoema.com/WTTC2019/world-travel-and-tourism-council-data, Retrieved: 03 Aug 2021*

વિશ્વકક્ષા એ પ્રવાસનક્ષેત્ર મૂડીરોકાણ ટેબલ નં.4ને જોતા જણાય છે કે વર્ષ 2011માં રૂ.3272518 કરોડ થી વધીને 2021 સુધીમાં રૂ.8611211 કરોડ થયું છે. અહી G.D.P.માં ફાળો સતત વધતો જોવા મળે છે. વૃધ્ધિદર જે તે અગાઉના વર્ષને ધ્યાને લેતા તૈયાર કરેલ છે તે અનુક્રમે વધઘટ થતો જોવા મળે છે. એકંદરે વર્ષ 2011ની સરખામણીએ 2021માં G.D.P.માં સ્થાનિક પ્રવાસન ફાળો વધતો જોવા મળે છે.

## ૧૪. રોજગારીમાં કુલ ફાળો

ટેબલ નં. 5: રોજગારીમાં કુલ ફાળો (2011-2021)

| વર્ષ | ટકાવારીમાં |
|---|---|
| 2011 | 2.10 |
| 2012 | 1.62 |
| 2013 | 2.40 |
| 2014 | 2.11 |
| 2015 | 3.16 |


| | |
|---|---|
| 2016 | 2.48 |
| 2017 | 2.73 |
| 2018 | 2.28 |
| 2019 | 2.95 |
| 2020 | 2.62 |
| 2021 | 2.48 |

*Source: https://knoema.com/WTTC2019/world-travel-and-tourism-council-data, Retrieved: 03 Aug 2021*

વિશ્વકક્ષા એ રોજગારીમાં કુલ યોગદાન ટેબલ નં.5ને જોતા જણાય છે કે વર્ષ 2011, 2012 ,2013, 2014, 2015, 2016, 2017, 2018, 2019, 2020 અને 2021માં અનુક્રમે 2.10, 1.62, 2.40, 2.11 ,3.16, 2.48, 2.73, 2.28, 2.95, 2.62, અને 2.48 ટકા વધારો-ઘટાડો થયો હતો. અહી વર્ષ 2015ને બાદ કરતા દસ વર્ષના સમયગાળામાં વધારો-ઘટાડો થતો જોવા મળે છે. એકંદરે વર્ષ 2011ની સરખામણીએ 2021માં રોજગારીમાં કુલ વૃધ્ધિ જોવા મળે છે.


## ૧૫. G.D.P.માં કુલ ફાળો

**આલેખ 10**




*Source: https://knoema.com/WTTC2019/world-travel-and-tourism-council-data, Retrieved: 03 Aug 2021*

**આલેખ 11**




*Source: https://knoema.com/WTTC2019/world-travel-and-tourism-council-data, Retrieved: 03 Aug 2021*

વિશ્વકક્ષા એ G.D.P.માં કુલ ફાળો આલેખ નં.10,11ને જોતા જણાય છે કે વર્ષ 2011માં રૂ.30831391 કરોડ થી વધીને 2021 સુધીમાં 78556017 કરોડ થયું છે. અહી G.D.P.માં ફાળો સતત વધતો જોવા મળે છે. વૃધ્ધિદર જે તે અગાઉના વર્ષને ધ્યાને લેતા તૈયાર કરેલ છે તે અનુક્રમે વધઘટ થતો જોવા મળે છે. એકંદરે વર્ષ 2011ની સરખામણીએ 2021માં G.D.P.માં કુલ ફાળો વધતો જોવા મળે છે.

### ૧૬. મુલાકાતીઓનો નિકાસ ખર્ચ

**ટેબલ 6: મુલાકાતીઓનો નિકાસ ખર્ચ (2011-2021)**

| વર્ષ | રૂ. કરોડમાં | વૃધ્ધિદર (ટકામાં) | GDP માં ફાળો(ટકામાં) |
|---|---|---|---|
| **2011** | 5460155 | 5.52 | 5.45 |
| **2012** | 6444059 | 4.21 | 5.54 |
| **2013** | 7398907 | 5.40 | 5.80 |
| **2014** | 8635019 | 5.25 | 6.00 |
| **2015** | 8636181 | 4.63 | 6.50 |
| **2016** | 9302560 | 2.49 | 6.71 |
| **2017** | 9851753 | 5.27 | 6.60 |
| **2018** | 10698940 | 4.15 | 6.53 |
| **2019** | 12026943 | 3.96 | 6.59 |
| **2020** | 14221249 | 3.79 | 6.63 |
| **2021** | 14846835 | 3.57 | 6.67 |

*Source: https://knoema.com/WTTC2019/world-travel-and-tourism-council-data, date: 03 Aug 2021*

વિશ્વકક્ષા એ G.D.P.માં કુલ ફાળો ટેબલ નં.6ને જોતા જણાય છે કે વર્ષ 2011માં રૂ.5460155 કરોડ થી વધીને 2021 સુધીમાં રૂ.14846835 કરોડ થયું છે. અહી G.D.P.માં ફાળો સતત વધતો જોવા મળે છે. વૃધ્ધિદર જે તે અગાઉના વર્ષને ધ્યાને લેતા તૈયાર કરેલ છે તે અનુક્રમે વધઘટ થતો જોવા મળે છે. એકંદરે વર્ષ 2011ની સરખામણીએ 2021માં G.D.P.માં કુલ ફાળો વધતો જોવા મળે છે.

### ૧૭. તારણો

- વૈશ્વિક પ્રવાસનમાં આનંદપ્રમોદ માટે થતું પ્રવાસન પ્રભુત્વ ધરાવે છે. ત્યારબાદ દ્વિતીય ક્રમમાં પારિવારિક સંબંધો, આરોગ્ય વગેરે હેતુસર થતું પ્રવાસન આવે છે.
- આર્થિક વિકાસના સંદર્ભમાં જોઈએ તો વિકસિત અને વિકસતા દેશોની કુલ G.D.P.માં પ્રવાસનક્ષેત્રનો હિસ્સો સરેરાશ 9 થી 11 ટકા છે. જ્યારે રોજગારીમાં ફાળો પણ 1 થી 3 ટકા જેટલો છે.
- વિશ્વકક્ષાએ પ્રવાસન ઉદ્યોગ ખુબ જ વિકાસ સાધી રહ્યો છે. જેમાં પ્રવાસનક્ષેત્રમાંથી સૌથી વધુ આવક મેળવતા દેશોમાં પ્રથમ ક્રમે યુ.એસ., બીજા ક્રમે ફ્રાંસ અને ત્રીજા ઓસ્ટ્રેલિયા જ્યારે ભારતનો સમાવેશ ટોપ ટેનમાં પણ નથી થતો છતાં પણ વૈશ્વિક પ્રવાસનક્ષેત્રે સમય સમયે ભારત વિકાસ સાધી રહ્યો છે. જે 2011માં 0.63 ટકા થી વધીને 1.24 ટકા થયો છે તેમ છતાં ભારતમાં આવક વૃદ્ધિ નહિવત જણાય છે.

- વૈશ્વિક પ્રવાસન ક્ષેત્રના G.D.P.માં ભારત સાતમાં ક્રમે છે. વૈશ્વિક G.D.P.માં પ્રવાસન ક્ષેત્રનો ફાળો 2005ની સરખામણીએ 2017માં વધી રહ્યો છે. આજ પરિણામ વૈશ્વિક પ્રવાસન ક્ષેત્રના રોકાણમાં અને રોજગારમાં જાણવામાં મળે છે. આમ ઉત્તરોત્તર વૈશ્વિક કક્ષાએ પ્રવાસન ક્ષેત્ર ઝડપથી વિકાસ સાધી રહ્યું છે. જે વેપાર, વાણિજ્ય અને વ્યવસાય વૃદ્ધીમાં મદદરૂપ કરે છે.
- વિશ્વમાં છેલ્લા બે દાયકા દરમિયાન પ્રવાસીઓના પ્રમાણમાં નિરપેક્ષ રીતે વધારો થઈ રહ્યો છે. એમાં વિકસિત દેશોનું પ્રભુત્વ છે. જો કે વિકસતા દેશોનો કુલ પ્રવાસનમાં હિસ્સો ધીરે ધીરે વધી રહ્યો છે. વર્ષ 2020 બાદ વૈશ્વિક સ્તરે કોરોના મહામારી ફેલાવવાના કારણે વિશ્વ પ્રવાસીના પ્રમાણમાં ખુબ જ મોટો ઘટાડો જોવા મળે છે.

## ૧૮. સૂચનો

- દેશનો આંતરરાષ્ટ્રીય કક્ષાએ પ્રવાસનમાં ફાળો વધારવા પ્રવાસન પ્રોડક્ટમાં વૈવિધ્ય, આંતરમાળખાકીય સગવડો અને તેની જાળવણી તથા સલામતીની ખાતરી આપવા સાથે દેશના વૈવિધ્યસભર વારસા અને સ્થાપત્યોનો પ્રચાર-પ્રસાર વધારવાની જરૂર છે. આ માટે આંતરરાષ્ટ્રીય તેમજ રાષ્ટ્રીય કક્ષાએ સેમિનારો તેમજ પ્રવાસન પ્રોડક્ટોનું પ્રદર્શન જેવા કાર્યક્રમ સતત કરવા જોઈએ.
- વિશ્વ કક્ષાએ પ્રવાસન ઉદ્યોગમાં પોતાનો વધારવા અગ્રેસર થવા તેની જૈવ વિવિધતા, વિવિધતા સરભર, ભૂગોળ સ્થાપત્યો, સંસ્કૃતિ વગેરેનો પ્રચાર-પ્રસાર હજુ પણ વધારવાની આવશ્યકતા છે. વળી, નવા પ્રવાસન સ્થળો વિકસાવવાની જરૂર છે. તેમજ જૂની સાચવણી પણ જરૂરી બને છે.

## સંદર્ભ સાહિત્ય


1. Government of India (2012). Second Tourism Satellite account for India. New Delhi: NCAER.
2. Government of India (2012). India tourism statistics – 2013. Delhi: Market and Research division, Ministry of Tourism.
3. Government of Gujarat (2013). Domestic Tourism in Gujarat NSS 65th Round. Gandhinagar: Directorate of Economics and Statistics, G.O.G.
4. Government of Gujarat (2014). State, District and Taluka wise Scheduled Castes and Scheduled Tribes Statistics in Gujarat: 2001 and 2011. Gandhinagar: Directorate of Economics and Statistics, G.O.G..
5. Government of Gujarat (2014). Statistical outline Gujarat State. Gandhinagar: Directorate of Economics and Statistics, G.O.G.
6. Government of India (2014). Regional Tourism Satellite account-Gujarat. New Delhi: NCAER.
7. Government of India (2019). India Tourism Statistics. Delhi: Market and Research division, ministry of Tourism.
8. Government of India (2019). Five-year plan document. New Delhi: planning Commission of India,
9. Government of India (2020). Identification of Tourism Circuits acrossIndia, Interim Report. Delhi: Gujarat, ministry of Tourism, G.O.I..
10. Ministry of Tourism Government of India (2021). Indian Tourism Statistics at Glance. Retrieved from https:// www.tourism.gov.in
11. World Travel & Tourism Economic Impact: India Report (2021). Retrieved from https://knoema.com/WTTC2019/world-travel-and-tourism-council-data
12. Gujarat Tourism (2021). Retrieved from https://www.gujarattourism.com/ Date: 27 Feb 2021